# વિદ્યાસહાયક ભરતી (ધો. 1 થી 5 અને ધો. 6 થી 8 ગુજરાતી માધ્યમ)

## વર્ષ:2024

વિદ્યાસહાયક ભરતી - 2024 (ધોરણ 1 થી 5 અને ધોરણ - 6 થી 8 ગુજરાતી માધ્યમ) તા.01/11/2024ની જાહેરાતના ઉમેદવારો માટે કોલ-લેટર મેળવવા માટેની સૂચના

## બીજો તબક્કો (ધોરણ 1 થી 5)

(1) ઉમેદવારો તા.30/06/2025 ના રોજ 18:00 કલાકથી મેરીટમાં આવતા ઉમેદવારો વેબસાઇટ ઉપરથી પોતાના કોલ-લેટર ઓનલાઇન મેળવી શકશે.

(2) વિદ્યાસહાયક ભરતી -2024 (ધો. 1 થી 5 ગુજરાતી માધ્યમ) માં બિન અનામત કેટેગરીમાં નીચે દર્શાવેલ વિષયોમાં કેટેગરી સામે દર્શાવેલ મેરીટ સુધીના ઉમેદવારો ઓન-લાઇન કોલ-લેટર મેળવી શકશે. આ ઉમેદવારોને તા.03/07/2025 થી તા.04/07/2025 દરમ્યાન જિલ્લા પસંદગી માટે બોલાવેલ છે. જે અંગે તારીખ, સમય અને સ્થળ ઉમેદવારના કોલલેટરમાં દર્શાવેલ છે.

| ભરતીનો પ્રકાર | વિષય | બિન અનામત કેટેગરી (OP) |
|---|---|---|
| ધોરણ 1 થી 5 | વિજ્ઞાન પ્રવાહ સિવાય | 67.6456 |

(3) **ઉક્ત ભરતીમાં ધોરણ 1 થી 5 માં સામાન્ય પ્રવાહમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) કેટેગરીની જગ્યાઓ પૂર્ણ થયેલ છે તેથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) ના ઉમેદવારો કે જે બિન અનામત (OPEN) તરીકેની પાત્રતા ધરાવતાં નથી તેવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC)ના ઉમેદવારોને કોલલેટર આપવામાં આવેલ નથી. જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.**

(4) જિલ્લા પસંદગીની કાર્યવાહી માટે ઉમેદવારોએ વેબસાઇટ ઉપરથી જ ઓન-લાઇન કોલ-લેટર મેળવી લેવાના રહેશે. અન્ય કોઇ પ્રકારે કોલ-લેટર મોકલવામાં આવશે નહિ.

(5) તા.01/11/2024 ની જાહેરાતમાં દર્શાવેલ દિવ્યાંગ ઉમેદવારોની જગ્યાઓ અનામતની કુલ જગ્યાઓ પૈકીની છે તેથી દિવ્યાંગ ઉમેદવાર જે કેટેગરીના હશે તે કેટેગરીમાં જગ્યાઓ ઉપલબ્ધ હશે તો જ જિલ્લા પસંદગી આપવામાં આવશે. જે સર્વે દિવ્યાંગ ઉમેદવારોએ નોંધ લેવી.

**નોંધ:- ઉમેદવારોએ જિલ્લા પસંદગીની કાર્યવાહી પૂર્ણ થાય અને આ વિદ્યાસહાયક ભરતી પ્રક્રિયા ચાલુ રહે ત્યાં સુધી તમામ ઉમેદવારોએ દરરોજ આ વેબસાઇટ જોવા વિનંતી છે.**